# એનર્જિ ટ્યૂન-ઈન : જેડા હરિયાળા પથ પર
# ઊર્જા બચાવો, વિશ્વ બચાવો અભિયાન

રેડિયો ઝુંબેશ

આકાશવાણી પ્રાયમરી ચેનલ

ગુજરાત રેડિયો નેટવર્ક


ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી

ચોથે માળ, ઉદ્યોગભવન, બ્લોક નં. ૧૧-૧૨, સેકટર-૧૧,

ગાંધીનગર-૩૮૨ ૦૧૭.

ફોન : ૦૭૯-૨૩૨૪૭૦૮૯/૯૦

ફેક્સ : ૦૭૯-૨૩૨૪૭૦૯૭

વેબસાઈટ : http//www.geda.org.in

# એનર્જિ ટ્યૂન-ઈનઃ જેડા હરિયાળા પથ પર
# ઊર્જા બચાવો, વિશ્વ બચાવો અભિયાન

## સ્પર્ધાઓ માટે માર્ગદર્શક સૂચનો

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) ગાંધીનગર દ્વારા આકાશવાણી પ્રાયમરી ચેનલ (અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભૂજ, ગોધરા, દમણ અને આહ્વા) પર ૫મી જૂનથી શરૂઆત કરીને 31 જાન્યુઆરી, 2010ના અંત સુધીમાં દર રવિવારે ૩૫ એપિસોડનો પારસ્પરિક કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. વિશ્વ પર્યાવરણ દિવસ-૫મી જૂને રાજ્યના મુખ્યમંત્રીશ્રી, ઊર્જામંત્રીશ્રી અને વિષયવિદોના ઊર્જાસંદેશા સાથે આ કાર્યક્રમનો શુભારંભ કરાયો છે.

કાર્યક્રમ અંતર્ગત દર રવિવારે ઊર્જા સંરક્ષણ, હવામાનમાં પરિવર્તન, વૈશ્વિક તાપમાનમાં વધારો જેવા ઊર્જા અને પર્યાવરણને લગતા મુદ્દાઓ પર તજજ્ઞો પ્રકાશ પાડશે. ત્યારબાદ ઊર્જા ક્વીઝ અને અન્ય સ્પર્ધાઓની જાહેરાત કરાશે. ગુજરાતની મહત્તમ જનતા ઊર્જાસભાન બને તે આશયથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે.

## સ્પર્ધાઓ

સ્પર્ધાઓ બે વર્ગમાં કરાશે. વર્ગ-૧ હેઠળ આવતી સ્પર્ધાઓમાં સહુ કોઈ ભાગ લઈ શકશે. વર્ગ-૨ હેઠળ આવતી સ્પર્ધાઓ માધ્યમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવી છે, જેની વિગતો નીચે મુજબ છે.

## વર્ગ-૧

આ વર્ગ હેઠળ યોજાનાર સ્પર્ધામાં આકાશવાણી પ્રાયમરી ચેનલ સાંભળનાર ને સ્પર્ધામાં રસ લેનાર સહુ કોઈ ભાગ લઈ શકશે.

૧. ઊર્જા ક્વીઝ
૨. ઊર્જા સૂત્ર
૩. ઊર્જા ગીત
૪. યુવા ઊર્જા પત્રકાર

## વર્ગ-૨

આ વર્ગ હેઠળ યોજાનાર સ્પર્ધાઓ ખાસ કરીને માધ્યમિક શાળાના શિક્ષકો માટે યોજવામાં આવી છે.

૧. ઊર્જા સંબંધી વાર્તાલેખન

૨. ઊર્જા સંબંધી નિબંધલેખન

## સ્પર્ધા અંગે સામાન્ય માહિતી

- આ સ્પર્ધાઓ ખાસ કરીને રાજ્યના ૫0,000 બાલ ઊર્જા રક્ષક વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી છે. બાલ ઊર્જા રક્ષકો જેડાના ૨૦૦૪ના વર્ષથી ચાલતા નીતિમય અને શાણપણભર્યા ઉપયોગને વરેલા બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત નામ નોંધણી કરાયેલ શાળાના ચૂંટી કાઢેલ વિદ્યાર્થીઓ છે. જેમનો ઉદ્દેશ 'ઊર્જા બચાવો, વિશ્વ બચાવો'નો છે. અલબત્ત, રસ ધરાવતી કોઈપણ વ્યક્તિ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઈ ફી ચૂકવવાની નથી.
- ૫મી જૂનથી દર રવિવારે ૮.૩૦ વાગે આકાશવાણી પ્રાયમરી ચેનલ સાંભળો, સ્પર્ધાઓ વિશે જાણો.

## કોણ ભાગ લઈ શકે ?

- ગુજરાતનો કોઈ પણ રહીશ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. ખાસ કરીને શાળામાં ભણતા વિદ્યાર્થીઓ અને ભણાવનાર શિક્ષકો આ સ્પર્ધાઓમાં ભાગ લે તેવી અમારી ઈચ્છા છે.
- બાલ ઊર્જા રક્ષક દળના નોંધાયેલ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

## સ્પર્ધાનું મૂલ્યાંકન

- તજજ્ઞોની પેનલ ઓલ ઈન્ડિયા રેડિયો, અમદાવાદ ખાતે દરેક સ્પર્ધકના ઉત્તરનું મૂલ્યાંકન કરશે.
- ઉપર જણાવેલ પ્રત્યેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે આવેલ એન્ટ્રીને પ્રમાણપત્ર તથા ઈનામથી નવાજિત કરાશે.
- વિજેતા સ્પર્ધકને રાજ્ય અથવા ઝોન કક્ષાએ જેડા દ્વારા ૨૦૦૯-૧૦ના વર્ષ દરમિયાન યોજાનાર સમારંભમાં ઈનામ આપવામાં આવશે.

## માર્ગદર્શક સૂચનાઓ

## ઊર્જાક્વીઝ સ્પર્ધા

- શાળાના બાળકો માટે તૈયાર કરાયેલ આ સ્પર્ધામાં સહુ કોઈ ભાગ લઈ શકશે.
- આકાશવાણી પ્રાયમરી ચેનલ પર દર રવિવારે તે ઘોષિત કરાશે.

- સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છનારે હેલો વિવિધભારતીના મોબાઈલ નં. 5676744 પર એસ.એમ.એસ. કરી જવાબ આપવો.
- પ્રત્યેક એપિસોડના વિજેતા 3 સ્પર્ધકોને છેલ્લે અંતિમ ડ્રોમાં પસંદગીનો અવકાશ રહેશે.
- અંતિમ ડ્રોમાં ચૂંટાયેલ 3 સ્પર્ધકોને જ પ્રમાણપત્ર અને ઈનામ મળશે.

**ઊર્જાસૂત્ર સ્પર્ધા**

- ઊર્જા, પર્યાવરણ અને ઊર્જાસંરક્ષણ, વિષય પર સૂત્ર લખવાનું રહેશે.
- ગુજરાતી/હિંદી/અંગ્રેજીમાં સૂત્ર લખી શકાશે.
- સૂત્રમાં વધુમાં વધુ 20 શબ્દો હોવા જોઇએ.
- સ્પર્ધકે એ-4 સાઇઝના લીટીવાળા કાગળમાં જોડાણ-1માં દર્શાવેલ પત્રક મુજબની તમામ વિગતો ભરીને પોતાનું ઊર્જાસૂત્ર મોકલી આપવાનું રહેશે.
- જોડાણ-1 મુજબના નિયત ફોર્મમાં સ્પર્ધકે પોતાનું ઊર્જાસૂત્ર ઓલ ઇન્ડિયા રેડિયો, ઇન્કમટેક્ષ, અમદાવાદને 30 નવેમ્બર, 2009 સુધીમાં પહોંચતું કરવાનું રહેશે.

**ઊર્જાગીત સ્પર્ધા**

- ઊર્જાકાવ્ય કે ગીતનો વિષય હવામાનમાં પરિવર્તન, ઊર્જા, ઊર્જાસંરક્ષણ, પર્યાવરણની સમસ્યા અને ઉપલબ્ધ ઉકેલોને સંલગ્ન હોવો જોઇએ.
- ઊર્જા ગીત ઓછામાં ઓછું 60 થી 100 શબ્દોનું હોવું જોઇએ.
- જોડાણ-1 મુજબના નિયત ફોર્મમાં સ્પર્ધકે પોતાનું ઊર્જા ગીત/કાવ્ય ઓલ ઇન્ડિયા રેડિયો, ઇન્કમટેક્ષ, અમદાવાદને 30 નવેમ્બર, 2009 સુધીમાં પહોંચતું કરવાનું રહેશે.

**યુવા ઊર્જા પત્રકાર**

- આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છનાર સ્પર્ધકે વર્તમાનપત્ર, ઇન્ટરનેટ, બ્લોગ, સામયિકમાંથી પોતે વાંચેલ તથા હવામાનમાં થતાં જતાં પરિવર્તનના સંદર્ભમાં પોતાને યોગ્ય જણાયેલ સમાચાર એ-3 સાઇઝની ડ્રોઇંગ શીટ પર ચોંટાડવાના રહેશે.
- સમાચારનું વિષયવસ્તુ ઊર્જા, ઊર્જાસંરક્ષણ, વૈશ્વિક તાપમાનમાં વધારો, હવામાનમાં પરિવર્તન વગેરેને લગતું હોવું જોઇએ.
- સ્પર્ધાર્થીએ પોતે પસંદ કરેલ સમાચાર વિશે 5-6 લીટીમાં આ સમાચાર કેમ પસંદ કર્યા તે અંગેનું પોતાનું મંતવ્ય જણાવવાનું રહેશે.
- સ્પર્ધકે જોડાણ-3માં આપેલ નિયત પત્રકમાં પોતાની એન્ટ્રી ઓલ ઇન્ડિયા રેડિયો, ઇન્કમટેક્ષ સર્કલ, અમદાવાદને 30-11-09 સુધીમાં પહોંચતી કરવાની રહેશે.

વર્ગ-2

**ઊર્જાસંલગ્ન વાર્તાલેખન/ઊર્જાસંબંધી નિબંધલેખન સ્પર્ધા**

- આ બન્ને સ્પર્ધાની ઘોષણા કોઇપણ રવિવારે જેડા દ્વારા પ્રસારિત થનાર કાર્યક્રમમાં આકાશવાણી પ્રાયમરી ચેનલ પર ગુજરાત નેટવર્ક મારફત કરાશે.
- આ સ્પર્ધાઓમાં માત્ર માધ્યમિક શાળામાં ભણાવનાર શિક્ષકો જ ભાગ લઇ શકશે.
- નિબંધ કે વાર્તા ગુજરાતી/હિંદી/અંગ્રેજીમાં લખી શકાશે.
- બન્ને સ્પર્ધા માટે કોઇ પ્રવેશ ફી નથી.
- નિબંધ કે વાર્તા આશરે 1500 થી 2000 શબ્દોની હોવી જોઇએ.
- નિબંધ કે વાર્તામાં ઊર્જાસંરક્ષણ, હવામાનમાં પરિવર્તન, વૈશ્વિક તાપમાનમાં વધારો જેવા વિષયો આવરી લેવાના રહેશે.
- સ્પર્ધકે નિબંધ/વાર્તામાં આપેલ માહિતી પોતે ક્યાંથી લીધી છે, તે સામાયિક/ઇન્ટરનેટ /બ્લોગ/વર્તમાનપત્રની વિગતવાર નોંધ અંતમાં આપવાની રહેશે.
- દરેક સ્પર્ધક શિક્ષકે પોતાનો નિબંધ/ વાર્તા જોડાણ-2માં આપેલ નિયત પત્રકમાં 30 નવેમ્બર,2009 સુધીમાં ઓલ ઇન્ડિયા રેડિયો, ઇન્કમટેક્ષ, અમદાવાદને મોકલી આપવાના રહેશે. યાદ રહે આપની એન્ટ્રી પર શાળાના આચાર્યશ્રીનો સહી-સિક્કો અનિવાર્ય છે.

**વાર્તા/નિબંધના વિષયો**

- ઊર્જા બચાવો, વિશ્વ બચાવો
- ઊર્જાસંરક્ષણઃ વિકાસની ચાવી
- ઊર્જા બચાવો, નાણાં બચાવો

જોડાણ-1

# પત્રક

## ઊર્જાસૂત્ર, ઊર્જાગીત, ઊર્જાકાવ્ય લેખન સ્પર્ધા

## (પ્રવેશ ફી નથી)

સ્પર્ધાર્થીનું નામઃ ______________________________

રહેણાંકનું સરનામું: ______________________________
(જિલ્લા, તાલુકા, ગામ) ______________________________
અને પિનકોડ સાથે) ______________________________

કચેરીનું સરનામું ______________________________
(જો હોય તો)

જન્મતારીખ: ______________________________
તા. /મહિનો/વર્ષ

શૈક્ષણિક લાયકાત: ______________________________

| ક્રમ | ડીગ્રી | યુનિવર્સિટી | પાસ થયાનું વર્ષ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

સંપર્ક માટે ફોન નં. ______________ મોબાઇલ નં. ______________
(કોડ)

સહી: ______________________________

તા.: ______________________________

**પત્રક** **જોડાણ-2**

## ઊર્જા નિબંધ અને વાર્તાલેખન સ્પર્ધા
## (પ્રવેશ ફી નથી)

સ્પર્ધાર્થીનું નામઃ ____________________

રહેણાંકનું સરનામું: ____________________
(જિલ્લા, તાલુકા, ગામ ____________________
અને પિનકોડ સાથે) ____________________

જન્મતારીખ: ____________________
તા. /મહિનો/વર્ષ

શાળાનું નામ: ____________________

શાળાનું સરનામું: ____________________
(જિલ્લા, તાલુકા, ગામ ____________________
અને પીનકોડ સાથે)

સંપર્ક માટે ફોન નં. ____________________ મોબાઇલ નં.____________________
(કોડ)

શૈક્ષણિક લાયકાત: ____________________

| ક્રમ | ડીગ્રી | યુનિવર્સિટી | પાસ થયાનું વર્ષ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

શાળામાં કયો વિષય ____________________
ભણાવો છો?

નિબંધ/વાર્તાનો તમે ____________________
પસંદ કરેલ વિષય

શાળાના આચાર્યશ્રીની સહી: ____________________

આચાર્યશ્રીનું નામ: ____________________

શાળાનો સિક્કો: ____________________

સ્પર્ધાર્થીની સહી: ____________________

તારીખ: ____________________

**પત્રક** **જોડાણ-૩**

## યુવા ઊર્જા પત્રકાર
## (પ્રવેશ ફી નથી)

સ્પર્ધાર્થીનું નામઃ ______________________________

રહેણાંકનું સરનામું: ______________________________
(જિલ્લા, તાલુકા, ગામ ______________________________
અને પીનકોડ સાથે) ______________________________

જન્મતારીખ: ______________________________

શાળા/કોલેજનું નામ ______________________________

શાળા/કોલેજનું સરનામું ______________________________
(જિલ્લા, તાલુકા, ગામ ______________________________
અને પીનકોડ સાથે) ______________________________

સંપર્ક માટે ફોન નં. ______________ મોબાઇલ નં. ______________
(કોડ)

શૈક્ષણિક લાયકાત: ______________________________

શાળા/કોલેજના આચાર્યશ્રીની સહી ______________________________

આચાર્યશ્રીનું નામ: ______________________________

શાળા/કોલેજનો સિક્કો: ______________________________

સ્પર્ધાર્થીની સહી: ______________________________

તારીખ: ______________________________